# ‘મૌનની મહેફીલ’

## ગઝલ

– હર્ષ બ્રહ્મભટ્ટ

.1.

અમે રાખમાંથીયે બેઠા થવાના,
જલાવો તમે તોયે જીવી જવાના.

ભલે જળ ન સીંચો તમે તે છતાંયે,
અમે ભીંત ફાડીને બેઠા થવાના.

ધખો તમતમારે ભલે સૂર્ય માફક,
સમંદર ભર્યો છે, ન ખૂટી જવાના.

ચલો હાથ સોંપો, ડરો ના લગીરે,
તરી પણ જવાના ને તારી જવાના.

સજગતા, સહજતા અને સાહસીકતા,
અમે તક ન એકેય ચુકી જવાના

.2.

મેં જ તો એને સતત ઝંખી હતી,
વેદના મારી જીવનસંગી હતી.

વાંસવન જેવું બનેલું મન છતાં,
વાંસળીની ચોતરફ તંગી હતી.

ડાઘ ક્યાંથી આટલા લાગી ગયા,
જીંદગી હમણાં જ મેં રંગી હતી.

સાવ લીલી થઈ ગઈ છે લાગણી,
એક સુક્કી ડાળખી ડંખી હતી.

એક તરણાનો સહારો ના મળ્યો,
કમનસીબી પ્હાડ શી જંગી હતી.

મેં તરાપો પાણીમાં મુક્યો અને,
એકદમ વ્હેતી નદી થંભી હતી.

**.3.**

ચોતરફ તાળાં, ન એકે કળ હતી,
હાથમાં મારા, ફક્ત અટકળ હતી.

ભર ઉનાળે એ નદી થીજી હતી,
પણ બરફની ભીતરે ખળખળ હતી.

આમ ભીંજાતો હતો વરસાદમાં,
ને હ્રદયમાં કેટલી બળબળ હતી.

દ્વાર મનનાં આમ તો ખુલ્લાં હતાં,
અદૃશ્ય એવી આમ કાંઈ સાંકળ હતી !

ભુગર્ભમાં અણુધડાકાની પળે,
પથ્થરો પર ફુંટતી કુંપળ હતી.

કાચ માફક એ સમય ફુટી ગયો,
ને કરચ થઈ વાગતી પળપળ હતી.

પંખીઓની પાંખ કોણે છીનવી ?
આભમાં પણ કેટલી ખળખળ હતી.

કાન માંડી સાંભળી છે મેં સદા,
રેતમાંયે કેટલી ખળખળ હતી.

**.4.**

શાંત જળને ડહોળવા જેવાં નથી,
નાગ આ છંછેડવા જેવા નથી.

ગુંગળામણ જગત આખાને થશે,
સ્વપ્નોને સળગાવવા જેવા નથી.

પ્હાડ પીડાના ભલે મોટા થતા,
કીન્તુ એ ઓગાળવા જેવા નથી.

કે સહી લઈશું અમે વરસાદને,
તાર જળના છેડવા જેવા નથી.

એ પછીનું જીવવું અઘરું થશે,
કોઈનાં મન વાંચવા જેવા નથી.

છે કપાતર વંશ આખો એમનો,
ઝાંઝવા ઉલેચવા જેવા નથી.

**.5.**

વેદનાની વાટ લઈને આવ તું,
કોડીયું થૈ હું ઉભો, પેટાવ તું.

ધ્રુજતા અંધારને તડકાવ તું,
સૂર્ય એકાદો હવે છલકાવ તું.

વીજ કૈં ઝબકી ઉઠે છે લોહીમાં,
પાંપણો ધીમેકથી પલકાવ તું.

કૈં યુગોથી સાવ થીજી જે ગઈ,
એ નદીને આજ તો તણખાવ તું.

આપણા હોવા વીશેના અર્થને,
આંસુ સીંચીને હવે ફણગાવ તું.

**.6.**

હું યુગોથી વાટ તારી જોઉં છું,
આંખના પલકારની ફુરસદ નથી.

શબ્દ સાથે સંવનન ચાલ્યા કરે,
શ્વાસ લેવાની મને ફુરસદ નથી.

તરસ સહરાની મને લાગી છતાં,
પાણી પીવાની મને ફુરસદ નથી.

યાદ એની ચોતરફ વેરાયેલી,
વીસ્મરણની પણ મને ફુરસદ નથી.

રત્ન નહીંતર ક્યાં હથેળીમાં નથી ?
પણ નીરખવાની મને ફુરસદ નથી.

**.7.**

સુખ વીશે જ્યાં હેસીયતની બ્હાર બોલ્યો,
સ્વપ્ન જુએ છે ? તરત અંધાર બોલ્યો.

કોઈ ના માન્યું, વધારે સાવ બગડ્યું,
હા, ઘણીવેળા થયું બેકાર બોલ્યો.

લાગણી સ્પર્શી અને મુંગી રહી ગઈ,
આવડે એવું બધું વ્યવહાર બોલ્યો.

કેટલાં વરસો ગયાં એ ભુંસવામાં,
ક્રોધમાં જે શબ્દ હું બે–ચાર બોલ્યો.

ખુબ ઉંડી છે કહી સહુએ વધાવી,
વાત મામુલી અગર વગદાર બોલ્યો.

એક વેળા સાંભળ્યું મે આતમાનું,
ત્યારથી વચ્ચે એ વારંવાર બોલ્યો.

**.8.**

સાવ તકલાદી જ લીધા શ્વાસ આખ્ખી જીંદગી,
ઝાંઝવા ઉપર કર્યો વીશ્વાસ આખ્ખી જીંદગી.

મુક્ત મન રાખી ભરાયું એક પણ ના ડગ અહીં,
ગોખવો કાયમ પડ્યો ઈતીહાસ આખ્ખી જીંદગી.

મધ–મદીરા, જળથી ગંગાજળ સતત ક્યાં ક્યાં ગયો ?
ના વધી કે ના ઘટી એ પ્યાસ આખ્ખી જીંદગી.

છેક મૃત્યુ લગ હશે કઈ આશમાં આ હર્ષજી,
હા, રહ્યા ગણતા દિવસ ને માસ આખ્ખી જીંદગી.

યાદનું આ એક ચાંદરણું ગજબનું નીકળ્યું,
સાવ અંધારે મળ્યો અજવાસ આખ્ખી જીંદગી.

**.9.**

ફુલ અને શમણાંની વચ્ચે, હું ઉભો છું તું ઉભી છે,
વરસો ને હમણાંની વચ્ચે, હું ઉભો છું તું ઉભી છે.

આભ ને આ ધરતી વચ્ચે, ઓટ અને આ ભરતી વચ્ચે,
બમણાં ને તમણાંની વચ્ચે, હું ઉભો છું તું ઉભી છે.

ઝાકળ ને તડકાની વચ્ચે, વ્હાલ અને છણકાની વચ્ચે,
શ્વાસોની રમણાની વચ્ચે, હું ઉભો છું તું ઉભી છે.

મુળ અને આ ફળની વચ્ચે, યુગ અને આ પળની વચ્ચે,
જીવતરની ભ્રમણા વચ્ચે, હું ઉભો છું તું ઉભી છે.

શબ્દ અને આ સુરની વચ્ચે, કાંઠા ને આ પુરની વચ્ચે,
નહિવત્ અને ઘણાની વચ્ચે, હું ઉભો છું તું ઉભી છે.

**.10.**

એકલો હું ક્યાં કદીયે હોઉં છું,
હું હંમેશા મારી સાથે હોઉં છું.

મૌનની મહેફીલ અનેરી હોય છે,
હું જ શાયર હું જ શ્રોતા હોઉં છું.

સુર્યોદય કેવો થયો મારી ભીતર,
પહાડ જેવો હું પીગળતો હોઉં છું.

નાદરૂપે હું પ્રગટતો હોઉં છું,
હું જ વીણા, તાર પણ હું હોઉં છું.

ડુબવા, તરવા વીશે ક્યાં ભેદ છે ?
હું જ હોડી , હું સમંદર હોઉં છું.

અર્થ ક્યાં છે ? આ દિવાલોનો હવે,
બહાર પણ હું , હું જ અંદર હોઉં છું.

**અછાંદસ**

એણે પુછ્યું–
‘કેમ છો ?’
મેં આંગળી ચીંધી–
ડાળ પર ચીટકી રહેલા
છેલ્લા
સુક્કા પાન તરફ !

***

હું તો રોજ

બાગમાં જઈ

થોડી શુળો વીણી કાઢું છું, અને

એની માળા ગુંથીને

પહેરાવું છું

કાળમીંઢ ઈશ્વરને !

***


* હર્ષ બ્રહ્મભટ્ટ *

કવી સર્જન: 'એકલતાની ભીડમાં' કાવ્યસંગ્રહ, પ્રથમ આવૃત્તી: ૧૯૯૨, કીમ્મત:૧૪૦ રૂ.

'અંદર દીવાદાંડી' કાવ્યસંગ્રહ, પ્રથમ આવૃત્તી: ૨૦૦૨, કીમ્મત:૧૨૫ રૂ.

'મૌનની મહેફીલ' કાવ્યસંગ્રહ, પ્રથમ આવૃત્તી: ૨૦૦૯, કીમ્મત:૧૫૦ રૂ.

(ત્રણેય પુસ્તકોના પ્રકાશક: નવભારત સાહીત્ય મંદીર, ૨૦૨, પેલીકન હાઉસ, આશ્રમ રોડ, અમદાવાદ:૯)

કવી સંપર્ક: A-1, નંદલાલ એપાર્ટમેન્ટ, મણીનગર, અમદાવાદ–૩૮૦ ૦૦૮, મોબાઈલ : 99784 05035

E-mail: hb.bhatt@yahoo.in


******

## હૃદયને સ્પર્શે તે ગઝલ

ગઝલની સીધીસાદી વાત એ છે કે હૃદયને જે સ્પર્શી જાય એ ગઝલ સાચી. આટલાં વર્ષે પણ જે જે ગઝલકારોને આપણે યાદ કરીએ છીએ તેના કારણમાં તેમનો શે'ર, તેમની ગઝલ હૃદયને સીધી સ્પર્શી ગઈ હોય છે તે એક માત્ર કારણ હોય છે. આજે ગુજરાતી ગઝલ એ અત્યાર સુધીના સર્વ પરીવર્તનનાં શ્રેષ્ઠ પરીબળોનાં પરીણામ રુપ સર્જાઈ રહી છે. પરમ્પરાની ગઝલ, આધુનીક ગઝલ, અનુઆધુનીક ગઝલ આવાં બધાં લેબલો લગાડ્યા વગર માત્ર બે જ ભાગ પાડી શકાય એમ છે: શુદ્ધ ગઝલ અને બીજી આયાસી ગઝલ.

ગમે તેટલી આધુનીકતા પણ સમય જતાં પરમ્પરા બની જતી હોય છે. ગુલ–બુલબુલ, સાકી–સુરા શબ્દો પહેલવહેલી વાર ગઝલમાં આવ્યા હશે ત્યારે કેવા નવા ને તાજા લાગ્યા હશે ? શક્યતા, શુન્યતા, મૌન, સ્પર્શ, ઝાંઝવાં શબ્દો પહેલીવાર આવ્યા ત્યારે નવાય લાગ્યા હતા અને સારાય લાગ્યા હતા. આજે સર્જાતી ગઝલ સાકી–સુરાથી મુક્ત છે અને શુન્યતા–રીક્તતાથીય મુક્ત છે. આજનો ગઝલકાર કોઈ આધુનીકતાના કે પરમ્પરાના અભરખામાં નથી જીવતો. એ જે અનુભવે છે તે ગઝલમાં લખે છે. અને આથી મરીઝ, ઘાયલ, ગની, બેફામના સમયગાળાની જેમ આજની ગઝલ પણ લોકોના હૃદયને વધુ સ્પર્શતી થયેલી છે.

રાજેશ વ્યાસ 'મીસ્કીન' ('ગઝલવીશ્વ'– માર્ચ–૨૦૧૦ના અંકમાંથી સાભાર)


'સન્ડે -મહેફીલ'ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર ( gaurang_charu@yahoo.com )નો ખુબ ખુબ આભાર..

– ઉત્તમ ગજ્જર

@@@

# તમે શીખ્યા કે ?

બ્લોગમાં, ફેસબુકમાં, સ્કાઈપમાં, ચેટીંગમાં, મેઈલમાં કે વર્ડમાં આમ જ, કર્સર અહીં જ મુકી, ફટાફટ ગુજરાતીમાં લખતાં તમને ફાવ્યું કે ? જો હજી ક્યાંક બીજે લખી, તેની કૉપી કરી, અહીં પેસ્ટ કરવાની ઝંઝટથી થાક્યા હો તો http://lakhe-gujarat.weebly.com/ ની મુલાકાત લો.

તે માટેની સઘળી સામગ્રી ત્યાં મુકેલી જ છે. સુચવ્યા મુજબ કરો ને સ્ક્રીન પર ગુજરાતીમાં લખવા સક્ષમ બનો.. કશી પણ ગુંચ આવે તો અમને મેઈલ લખો.. તમે લખતા ન શીખી જાઓ ત્યાં સુધી અમે તમારી સાથે રહીશું.. uttamgajjar@gmail.com ..Surat..

@@@

**More than 1,54,00,000 Gujarati Language lovers have visited**
**http://www.gujaratilexicon.com/**
**More than 13,70,000 have visited Digital Bhagwadgomandal**
**http://www.bhagwadgomandal.com/**
**More than 3,10,000 have visited Lokkosh**
**http://lokkosh.gujaratilexicon.com/**

@@@

**You have already played Ukhana and General Knowledge Quiz. Now it's time to play Hang Monkey only on Gujaratilexicon. Have You Tried playing it? No ? Try It Today !!**

**http://www.gujaratilexicon.com/game/kids-corner/**

**Kids-corner is the section for not only kids but anyone can play and enjoy the Ukhanas & Quiz. It Is Extremely Educative, Vocabulary Enriching & Thoroughly Enjoyable ! It Is Addictive & Its Impact Is Far-Reaching. Enjoy The Playing & Relieve Those Childhood Educative & Exciting Games ! And Not Forget To Share Your Comments & Feedback With Us !**

Email IDs : Maitri Shah - **maitri@arniontechnologies.com**
&
Shruti Amin - **shruti@arniontechnologies.com**

@@@@@@@@@